PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧/કવા–૦૧/૧૭–૧૮/ 4830 તા. 05/09/19

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**માધવ જીનીગ અને પ્રેસીગ પ્રાઈવેટ લીમીટેડ,**
**અમદાવાદ હાઈવે,**
**સીધ્ધેશ્વર મંદીર ની બાજુમા,**
**જસદણ,**
**પીનકોડ– ૩૬૦ ૦૫૦**
**મો: ૦૨૮૨૧ – ૨૨૦૨૬૭**

**વિષય :–એચે.ટી. કનેકશન મા લોડ ઘટાડા સબંધીત બીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૧/કવા–૦૧/૧૭–૧૮ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**( કે. ડી. વીરડીયા )**
**કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2 )**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 03 / D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૧/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૩–૦૬–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: માધવ જીનીંગ અને પ્રેસીંગ પ્રાઈવેટ લીમીટેડ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર – માધવ જીનીંગ અને પ્રેસીંગ પ્રાઈવેટ લીમીટેડ ના ડાયરેક્ટર– કલ્પેશભાઈ છગનભાઈ કાકડીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ**

**રજુઆત કરનાર :પી.જે. મહેતા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી જસદણ)**

## : હુકમ :

**ફરીયાદ : એચ.ટી. કનેક્શન મા લોડ ઘટાડા સબંધીત બીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના એચ.ટી.જોડાણ નં.૨૫૩૧૩ ના હૈયાત વીજભાર ૩૫૦ કેવીએ માથી, ૭૫ કેવીએ નો વીજભાર ઘટાડી અને જોડાણ ને કરારીત ૨૭૫ કેવીએ વીજભાર વાળુ કરવા માટેની વિધીસર ની અરજી, તા.૨૯–૦૫–૧૫ ના રોજ પીજીવીસીએલ મા આપેલ હતી. અને ત્યારબાદ, તા.૧૩–૧૨–૧૬ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પણ રજુ કરેલ હતો. જેથી, પીજીવીસીએલ તરફથી તા.૦૪–૦૧–૧૭ ના રોજ નવુ સીટીપીટી લગાડી,અને ૨૭૫ કેવીએ સુધીનો વીજભાર કરેલ હતો. પરંતુ, પીજીવીસીએલ તરફથી વીજભાર ઘટાડા ની અસર મુળ અરજી તા.૨૯–૦૫–૧૫ થી આપવાને બદલે, માહે ડિસેમ્બર–૨૦૧૬ થી વીજભાર ઘટાડાની અસર આપેલ છે. આ બાબતે, યોગ્ય કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી એ તેમના એચ.ટી.જોડાણ નં.૨૫૩૧૩ ના હૈયાત વીજભાર ૩૫૦ કેવીએ માથી, ૭૫ કેવીએ નો વીજભાર ઘટાડી અને જોડાણ ને કરારીત ૨૭૫ કેવીએ વીજભાર વાળુ કરવા માટેની વિધીસર ની અરજી, તા.૨૯–૦૫–૧૫ ના રોજ પીજીવીસીએલ મા આપેલ હતી. પરંતુ, '' વીજભાર ઘટાડા કરાયા બાદ– વીજવપરાશી ઉપકરણો મા થયેલ સુધારા/ વધારા / ઘટાડા – વાયરીંગ '' વગેરે ની કામગીરી પૂર્ણ થયા બાદ, લાયસન્સ ધરાવનાર ઈલેક્ટ્રીકલ સુપરવાઇઝર તરફથી, આપવા પાત્ર એવો ટેસ્ટ રીપોર્ટ, જે અરજદારે તા.૧૩–૧૨–૧૬ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરેલ હતો. જેના આધારપર, પીજીવીસીએલ તરફથી, અરજદાર ના સ્થાપન પર નુ નિયમાધીન પરીક્ષણ કરી અને, '' વીજભાર ઘટાડા કરાયા બાદ– વીજવપરાશી ઉપકરણો મા થયેલ સુધારા/ વધારા / ઘટાડા – વાયરીંગ '' ની વિગતો, ચેકીંગ શીટ મા ભરપાઈ કરી અને તેને આનુષાંગીક એવુ નવુ સીટીપીટી લગાડવાની કામગીરી, તા.૦૪–૦૧–૧૭ ના રોજ પૂર્ણ કરાયેલ હતી. આ મુજબ ની કામગીરી થી, અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે ''મુળ કરારીત એવા ૩૫૦ કેવીએના વીજભાર માથી ૨૭૫ કેવીએ સુધીના વપરાશી વીજભાર મુજબ નુ '' તાંત્રીક રીતે થયેલ હતુ. આમ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ, ''વીજસ્થાપન પર ના – વીજભાર વધારા/ઘટાડા ને આનુષાંગીક – વીજવપરાશી ઉપકરણો મા થયેલ સુધારા/ વધારા / ઘટાડા – વાયરીંગ '' ની, પૂર્તતા, જે નિયમાધીન અંતર્ગત ના, '' ટેસ્ટ રીપોર્ટ ની તારીખ '' થી જ કરવાની બાબત હોય, આ બાબત ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ના જોડાણ મા, '' હૈયાત ૩૫૦ કેવીએના વીજભાર માથી, ૭૫ કેવીએનો વીજભાર ઘટાડયા બાદ ના ૨૭૫ કેવીએ સુધીના વીજવપરાશી વીજભાર નો તાંત્રીક દરજ્જો – અને બીલીંગ હિસાબકીય દરજ્જો '' જે – અરજદાર તરફથી, ટેસ્ટ રીપોર્ટ રજુ કર્યા તારીખ : ૧૩–૧૨–૧૬ થી અપાયેલ છે. તે બાબત, પીજીવીસીએલના નિયમાધીન યોગ્ય છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની વીજભાર ઘટાડા ની અસરકર્તા માંગણીની તારીખ, જે વીજભાર ઘટાડા ની અસર મુળ અરજી તા.૨૯–૦૫–૧૫ થી આપવીન અરજદાર શ્રી ની |

| | |
|---|---|
| | માંગણી નિયમાધીન રીતે માન્ય રહેલ નથી. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના એચ.ટી.જોડાણ નં.૨૫૩૧૩ ના હૈયાત વીજભાર ૩૫૦ કેવીએ માથી, ૭૫ કેવીએ નો વીજભાર ઘટાડી અને જોડાણ ને કરારીત ૨૭૫ કેવીએ વીજભાર વાળુ કરવા માટેની વિધીસર ની અરજી, તા.૨૯–૦૫–૧૫ ના રોજ પીજીવીસીએલ મા આપેલ હતી. પરંતુ, '' વીજભાર ઘટાડા કરાયા બાદ– વીજવપરાશી ઉપકરણો મા થયેલ સુધારા/ વધારા / ઘટાડા – વાયરીંગ '' વગેરે ની કામગીરી પૂર્ણ થયા બાદ, લાયસન્સ ધરાવનાર ઈલેક્ટ્રીકલ સુપરવાઇઝર તરફથી, આપવા પાત્ર એવો ટેસ્ટ રીપોર્ટ, જે અરજદારે તા.૧૩–૧૨–૧૬ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરેલ હતો. જેના આધારપર પીજીવીસીએલ તરફથી, સ્થળ ચકાસણી કરી અને યોગ્ય ક્ષમતાનુ સીટીપીટી યુનીટ, અરજદાર ના સ્થાપન પર લગાડવામા આવેલ હતુ. |
| <u>૩.૨</u> | પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ, ''વીજસ્થાપન પર ના – વીજભાર વધારા/ઘટાડા ને આનુષાંગીક – વીજવપરાશી ઉપકરણો મા થયેલ સુધારા/ વધારા / ઘટાડા – વાયરીંગ '' ની, પૂર્તતા, જે નિયમાધીન અંતર્ગત ના, '' ટેસ્ટ રીપોર્ટ ની તારીખ '' થી જ કરવાની બાબત મુખ્યત્વે નિયમાધીન છે. આ બાબત ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ના જોડાણ મા, '' હૈયાત ૩૫૦ કેવીએના વીજભાર માથી, ૭૫ કેવીએનો વીજભાર ઘટાડયા બાદ ના ૨૭૫ કેવીએ સુધીના વીજવપરાશી વીજભાર નો તાંત્રીક દરજ્જો – અને બીલીંગ હિસાબકીય દરજ્જો '' જે – અરજદાર તરફથી, ટેસ્ટ રીપોર્ટ રજુ કર્યા તારીખ : ૧૩–૧૨–૧૬ થી અપાયેલ છે. તે બાબત, પીજીવીસીએલના નિયમાધીન યોગ્ય હોય, ફોરમ કમિટી તરફથી, આ બાબત માન્ય રહેલ છે. પરંતુ,ફરીયાદી અરજદાર શ્રી ની વીજભાર ઘટાડા ની અસરકર્તા માંગણીની તારીખ, જે વીજભાર ઘટાડા ની અસર મુળ અરજી તા.૨૯–૦૫–૧૫ થી આપવાની અરજદાર શ્રી ની માંગણી, જે જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની ન હોય, નિયમાધીન રીતે માન્ય રાખવા યોગ્ય ન હોય, આવા કારણોસર, અરજદાર શ્રી ની સદર માંગણી ફોરમ કમિટી કક્ષાએથી ગ્રાહય રહેલ નથી. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને નિયમાધીન જાણકારી આપી, અને તેને આનુષાંગીક, અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં.૧.૧ મા કરાયેલ માંગણી, જે જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની ન હોય, નિયમાધીન રીતે માન્ય રાખવા યોગ્ય ન હોય, આવા કારણોસર, અરજદાર શ્રી ની સદર માંગણી ફોરમ કમિટી કક્ષાએથી ગ્રાહય રહેલ નથી. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.લામાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે**, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.